વાયબ્રન્ટ ગુજરાત "કાર્યક્રમ અંતર્ગત કરારબધ્ધ થયેલ ઔદ્યોગિક એકમોને પ્રામાણિક ઓદ્યોગિક પ્રમાણપત્ર આપવાની કાર્યપધ્ધતિ અપનાવવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્રાંક:- ગણત/૧૦૦૭/૧૬૧૩/ઝ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૨/૦૭/૨૦૦૭.

## પ રિ પ ત્ર

રાજ્યના અને રાજ્ય બહારના ઉદ્યોગ સાહસિકો/રોકાણકારોને રાજ્યના વિકાસમાં સક્રિય ભાગીદાર બનાવવા વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત વિવિધ ઉદ્યોગો તથા આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરી, રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં ઝડપ લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા આવા ઉદ્યોગ સાહસિકો/રોકાણકારો સાથે Memorandum Of Understanding કરવામાં આવે છે. આવા ઉદ્યોગ સાહસિકો/રોકાણકારો દ્વારા તેઓના ઉદ્યોગ માટે ખરીદવામાં આવતી જમીનો ઘણી વાર (૧) મુંબઇ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ (૨) સૌરાષ્ટ્ર, ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ તથા (૩) મુંબઇ ગણોત વહીવટ અને

ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ કાયદાઓ અંતર્ગત પ્રતિબંધિત સત્તા પ્રકારની અગર તો નવી અને અવિભાજ્ય શરતની હોય છે. અને આવી જમીનો માટે જરુરી મંજૂરીઓ આપવામાં ક્યારેક ઘણોજ વિલંબ થતો હોય છે. અને તેથી આવા વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકાર સાથે સમજૂતી કરનાર ઉદ્યોગ સાહસિક/રોકાણકાર ઝડપથી તેમનું ઔદ્યોગિક એકમ સ્થાપી શકે તે હેતુથી આવી જમીનો માટે નીચે મુજબની કાર્યપધ્ધતિ નક્કી કરવામાં આવે છે.

અ. "વાયબ્રન્ટ ગુજરાત" કાર્યક્રમ અંતર્ગત સમજૂતિ કરાર કરનાર ઉદ્યોગ સાહસિક / રોકાણકાર આવી પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીન ખરીદ કરી, કામના કાગળો / દસ્તાવેજ સાથે અરજી કરે તેના ૪૫ (પિસ્તાળીસ) દિવસમાં સંબંધિત જિલ્લા કચેરીએ સંપૂર્ણ દરખાસ્ત તૈયાર કરી, રાજ્યસરકારની પરવાનગી અર્થે મોકલવાની રહેશે.

બ. "વાયબ્રન્ટ ગુજરાત" કાર્યક્રમ અંતર્ગત સમજૂતિ કરાર કરનાર ઉદ્યોગ સાહસિક / રોકાણકાર આવી પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીન ખરીદ કરી, કામના કાગળો / દસ્તાવેજ સાથે અરજી કરે ત્યારે જો દરખાસ્ત અધૂરી વિગતવાળી હોય તો તે દરખાસ્ત અરજદારને પરત કરી, તેની નકલ ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા મહેસૂલ વિભાગને મોકલવાની રહેશે. તેમજ સંબંધિત એકમ ખૂટતા દસ્તાવેજો સાથે

પુન:અરજી કરે તો તેવી અરજી નવેસરથી આવેલ અરજી તરીકે ગણવાની રહેશે.

આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે માટે તમામ મામલતદાર/પ્રાંત અધિકારીશ્રીઓને જિલ્લા કલેક્ટરશ્રીએ યોગ્ય સૂચના લેખિતમાં આપવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન.ડી.ભટ્ટ
નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર

**પ્રતિ,**

- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ.
- ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નોડલ અધિકારીશ્રી, વાયબ્રન્ટ ગુજરાત.

**<u>નકલ રવાના</u>:-**

- અગ્રસચિવશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ